THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः                                        तमसो मा ज्योतिर्गमय

**આધ્યાત્મિક આંતરદૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક**

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-7 | March–2022 | No. 58

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | રોહિત મહેતા – એક દાર્શનિકનું વિરલ યોગદાન .. શ્રી હર્ષવદન શેઠ | 3 |
| 2. | ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ ................શ્રી ધવલ શેઠ | 5 |
| 3. | મારા જીવનમાં સંઘર્ષ અને થિયોસોફી ............કુ. માયા લાલવાણી | 7 |
| 4. | Declaration .......................................... | 10 |
| 5. | મેમ્બરશીપ એપ્લીકેશન ફોર્મ ....................... | 11 |
| 6. | ઇન્ડિયન સેક્ષનનો અગત્યનો સંદેશ ............શ્રી પ્રદીપસિંહજી એચ. ગોહિલ | 12 |
| 7. | સ્વ. વીરાબેન દસ્તુર સ્મૃતિશિબિર ફેબ્રુઆરી-૨૨ નો અહેવાલ .........................શ્રી ઉદયકુમાર પાકાવાલ | 13 |
| 8. | જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ .. શ્રી હર્ષદ દવે | 15 |
| 9. | સાગર પંખી ...........................................શ્રીમતિ પરવીન પટેલ | 17 |
| 10. | મહાસૌજન્ય .......................................... | 18 |
| 11. | શાખા સમાચાર ....................................... | 19 |
| 12. | આપણો પુસ્તક પ્રેમ ................................. | 20 |


Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

## થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, ''હોમી હાઉસ'' ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

☛ બુક સ્ટોલ મેનેજર ☛

શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ,
મો. : ૯૪૨૬૧૬૪૫૫૭
"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

☛ પ્રમુખશ્રીનું સરનામું ☛

શ્રી નરેશભાઈ એ.ત્રિવેદી
૩૦૫, નંદનવન એપાર્ટમેન્ટ, સરદારબાગ સામે,
જુનાગઢ-૩૬૨૦૦૧ મો. : ૯૮૭૯૦ ૬૫૨૦૦

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ — ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪
E-mail-gtfsecretory@gmail.com

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

**"થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર**

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

**"થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર**

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
**મો. — ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫**
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

### GTF Jyoti Prakashan Fund

Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# રોહિત મહેતા – એક દાર્શનિકનું વિરલ યોગદાન

સંપાદકીય

*પ્રસ્તુતિ*

**શ્રી હર્ષવદન શેઠ**



સ્વ. રોહિત મહેતા (૧૯૫૮ ના સમયમાં)

૨૦મી માર્ચ, ૧૯૯૫ ના દિવસો થિયોસોફિક જગતના એક વિરલ દાર્શનિક મુ.શ્રી રોહિતભાઈ મહેતાનો પાર્થિવ દેહવિલય થયો. આ લેખ દ્વારા તેમને યાદ કરીને આપણે સૌ તેમના જીવન અને કાર્યમાંથી અનોખી પ્રેરણા પ્રાપ્ત કરતાં રહીએ તેવી અનુભૂતિજન્ય જ્ઞાનાંજલિ !

રોહિત મહેતાનો જન્મ ૩ ઓગષ્ટ, ૧૯૦૮ ના રોજ સુરત ખાતે એલ્ફિન્સ્ટન કોલેજ, મુંબઈનાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર હસમનરામના પરિવારમાં થયો હતો. તેમનું શિક્ષણ મુંબઈ, સુરત અને અમદાવાદમાં થયું હતું.

અમદાવાદમાં ગુજરાત કોલેજમાં ભણતી વખતે ૧૮ વર્ષિય રોહિતે વિદ્યાર્થીઓ દ્વારા રાજકીય પ્રવૃત્તિ પર પ્રતિબંધ મુકતાં નિયમને લઈને ત્રણ મહિના સુધી ચાલતી વિદ્યાર્થી હડતાળનું નેતૃત્વ કર્યું હતું. ૧૯૨૬ થી ૧૯૩૪ સુધી યુવાન રોહિતને ગાંધીજી સાથેની તેમની રાજકીય પ્રવૃત્તિઓ માટે પાંચ વખત જેલમાં મોકલવામાં આવ્યાં, જેમાં પ્રખ્યાત 'સોલ્ટ માર્ચ'માં ભાગ લેવાનો સમાવેશ થાય છે. ૧૯૩૪ માં તેમને અહેમદનગર કિલ્લામાં બે વર્ષની સખત મજૂરીની સજા કરવામાં આવી હતી.

ત્યાંની ગરમી અને પત્થરો તોડવાની મહેનતથી ભયંકર બીમારી થઈ. તેમને સન–સ્ટ્રોક આવ્યો અને પછી અંશતઃ લકવો થયો. ગભરાયેલાં સત્તાવાળાઓએ તેમને ડૉ. જીવરાજ મહેતાની દેખરેખ હેઠળ બોમ્બેની કે.ઈ.એમ. હોસ્પિટલમાં લઈ ગયા. પાછળથી ડૉ. જીવરાજ મહેતા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી બનેલાં.

રોહિતભાઈએ પેરોલ પર જવાની પણ ના પાડી દીધી હતી. પરંતુ ગાંધીજીએ દરમિયાનગીરી કરી હતી અને પેરોલ માટે સમજાવેલાં. તે અરસામાં જમનાદાસ દ્વારકાદાસ બીમાર રોહિતભાઈને જોવા જે. કૃષ્ણમૂર્તિને લઈ ગયા. કૃષ્ણજીએ થેરાપ્યુટિક ટચથી લકવાગ્રસ્ત અને દુઃખતાં શરીરના ભાગ પર હાથ પસાર્યો. રોહિતભાઈના શરીરમાં તે સ્પર્શનો ચમત્કારિક અનુભવ નોંધાયો. બીજા દિવસે દુઃખાવો દૂર થતો ગયો. રોહિતભાઈ સંપૂર્ણ સાજા થવાં લાગ્યાં અને ટૂંક સમયમાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી.

**થિયોસોફિકલ કાર્ય :**

૧૯૩૬ ની આસપાસ શ્રી મહેતા રાજકીય ક્ષેત્રને આત્માહીન તરીકે જોવાં લાગ્યાં. 'થિયોસોફી' અને જે. કૃષ્ણમૂર્તિનાં કાર્યોનો અભ્યાસ હાથ ધર્યો.તેમણે 'થિયોસોફિકલ સમાજવાદ'ની નવી દુનિયામાં તેમની ચેતનામાં આવેલાં આ પરિવર્તન વિશે લખ્યું હતું, જેમાં તેમણે સોવિયેત યુનિયનમાં સામ્યવાદનાં પતનની આગાહી કરી હતી. ૧૯૪૧માં થિયોસોફિકલ સોસાયટીના રેકોર્ડિંગ સેક્રેટરી તરીકે કામ કરવા અડ્યાર ગયા અને ટૂંક સમયમાં આંતરરાષ્ટ્રીય સચિવ બન્યા. ૧૯૪૫ સુધી સેવા આપી. ત્યારબાદ ૧૯૪૫ થી ૧૯૫૯ સુધી ભારતીય વિભાગનાં જનરલ સેક્રેટરી તરીકેની જવાબદારી સંભાળી.

---

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**

**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**

તેઓ અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં અસ્ખલિત રીતે બોલી શકતાં હતાં. યુરોપ, એશિયા, આફ્રિકા અને ઉત્તર અમેરિકામાં વ્યાખ્યાન પ્રવાસ માટે તેમની ઘણી માંગ હતી. તેમણે તેમની પત્ની શ્રીદેવીબેન સાથે પૂર્વ આફ્રિકાનો નવ અઠવાડિયાનો પ્રવાસ કર્યો જેમાં તાંગાનિકા, યુગાન્ડા, બેલ્જિયન કોંગો, કેન્યા અને ઝાંઝીબારનો સમાવેશ થાય છે. વિભિન્ન ૧૩૭ મીટીંગોમાં વિશાળ સંખ્યામાં જીજ્ઞાસુ સભ્યો અને પ્રેક્ષકોએ તેમને સાંભળેલાં. ૮૦ થી વધુ નવા સભ્યોને સોસાયટીમાં પ્રવેશ આપવામાં આવેલો. ૨૪ જેટલાં સમુદાયોમાં યોજાયેલી મીટીંગો દરમિયાન તેમણે અનુભવ્યું કે ભારતીય વિભાગ પૂર્વ આફ્રિકામાં વંશીય અને વંશીય જૂથોને એકસાથે લાવવામાં ઉપયોગી ભૂમિકા ભજવી શકે છે. ૧૯૮૫માં તેમણે યુનાઈટેડ સ્ટેટ્સનાં પૂર્વિય અને મધ્ય પશ્ચિમ શાખાઓની મુલાકાત લીધી. ૧૪મી સપ્ટેમ્બરે અમેરિકન ટી.એસ. હેડક્વાર્ટર ખાતે "ધ વે ઓફ ધ ઉપનિષદ" શીર્ષક ધરાવતાં વિશેષ પરિસંવાદમાં વિશેષ વક્તા હતા.

**શૈક્ષણિક કાર્ય :**

સ્વ. રોહિતભાઈએ શિક્ષણમાં વિશેષ રસ લીધો હતો. વારાણસીમાં સોસાયટીના ભારતીય મુખ્યાલયમાં કાર્યરત બે થિયોસોફિક શૈક્ષણિક સંસ્થાઓના સચિવ તરીકે જવાબદારી નિભાવી. છોકરાઓ માટેની બેસન્ટ થિયોસોફિકલ સ્કૂલ (૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ) અને એક ગર્લ્સ કોલેજ (લગભગ ૫૦૦ વિદ્યાર્થીનીઓ) અને બેસન્ટ એજ્યુકેશન ફેલોશિપના સચિવ હતા. તેઓ થોડાં સમય માટે ઋષિવેલી ટ્રસ્ટના સભ્ય હતા, જે. કૃષ્ણમૂર્તિના માર્ગદર્શન હેઠળ કામ કરતી વિવિધ શિક્ષણ સંસ્થાઓને નિયંત્રિત કરે છે.

સ્વિટ્ઝર્લેન્ડની લુગાનો યુનિવર્સિટીએ તેમને માનદ્ ડોક્ટરેટની પદવી આપીને સન્માનિત કરેલાં.

**લગ્ન અને જીવનયાત્રા :**



સ્વ. શ્રીદેવી મહેતા

રોહિત મહેતાનાં લગ્ન શ્રીદેવી મહેતા સાથે ૧૯૩૫માં થયા હતા. આ મહેતા દંપત્તિ થિયોસોફિકલ કાર્યમાં અસરકારક ભાગીદાર હતા. શ્રીદેવીબહેન તેમના પ્રવચનોમાં ભજન અને સ્તોત્રો ગાતાં અને તેમના શબ્દો સંગીતનો અર્થ સમજાવતાં. પ્રો. પી.જી. માવલંકરે જણાવેલું કે રોહિતભાઈ તેમના વક્તવ્ય પહેલાં શ્રોતાઓને સલાહ આપતાં, "જ્યારે શ્રીદેવી ભજન ગાતી હોય ત્યારે તમે છોડી શકતા નથી. જો કે જ્યારે હું વાત કરું ત્યારે તમે છોડીને જઈ શકો છો." ભાગ્યે જ કોઈ જાય !

"ઓસ્ટ્રેલિયામાં થિયોસોફિ"એ શ્રીદેવી મહેતા વિશે લખ્યું : એક કુશળ વક્તા શ્રીદેવી મહેતા સંગીતમાં સ્નાતકની ડિગ્રી ધરાવે છે. તેમણે ભારતમાં ઘણાં સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ટી.એસ. માટે સક્રિય કાર્યકર તરીકે ૧૯૪૫ થી ૧૯૫૦ સુધી ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ યંગ થિયોસોફિસ્ટની સેક્રેટરીની ફરજ નિભાવી તેણીએ ભારતમાં વ્યાપક પ્રવાસ કર્યો છે. વિવિધ વિષયો પર પ્રવચનો આપ્યાં છે જેમાં સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રકૃતિના વિષયોનો સમાવેશ થાય છે."

મહેતા દંપતિ તેમના અંતિમ શ્વાસ સુધી થિયોસોફિકલ સોસાયટીના કેમ્પસમાં રહ્યા હતાં. શ્રીદેવીબેનને પેરાલિસીસનો હુમલો આવ્યો, પથારીવશ હતાં. તેમનું પણ એ જ ઘરમાં તે જ વર્ષે ૨૨મી ઓગષ્ટે,

*(અનુસંધાન પાન-૦૯ ઉપર)*

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

## ન દેખાતાં લોકોની આપણા પર અસર

### એક સ્ત્રીને દેખાયેલાં એક દૃશ્યનું વિશ્લેષણ

જે કંઈપણ બન્યું તે સમજવા માટે સૌ પ્રથમ તો આપણે માર્ગદર્શક બનેલી વ્યક્તિનાં સ્વભાવને સમજવો પડશે. તે જે હતો તે કઈ રીતે બન્યો તે સમજવું પડશે. તેનાં પાર્થિવ જીવન દરમિયાન તે એક નાનો ખેડૂત હતો. દયાળુ પરંતુ અણસમજુ તેમજ ધાર્મિક ઝનૂનતાવાળો હતો. તેનું એકમાત્ર સાહિત્ય બાઈબલ હતું. ઠંડીની લાંબી સંધ્યાઓ દરમિયાન તે આ બાઈબલને વારંવાર વાંચતો. આમ કરવાથી તેના જીવનમાં બાઈબલનાં સંદેશાઓ અને તેની શિક્ષા ઉંડાણપૂર્વક ઉતર્યા. એ કહેવાની જરૂર નથી કે તેની માન્યતાઓ ગેરમાન્યતાઓ હતી.

તે ગામડાનાં ઓછી વસ્તી ધરાવતા વિસ્તારમાં રહેતો હતો. તેનાં ગણ્યાંગાંઠ્યા પડોશીઓ પણ તેની ધાર્મિક માન્યતાઓ સાથે સહમત ન હોવાથી તે વધુને વધુ એકલવાયું જીવન જીવવા લાગ્યો. પોતાના ખેતરનાં નાનાં ભાગમાં થતી ખેતપેદાશોથી જ તે પોતાનું જીવનનિર્વાહ કરવા લાગ્યો અને પોતાનો શક્ય હોય તેટલો સમય અને મહેનત બાઈબલનાં અભ્યાસ પાછળ આપવા લાગ્યો. આવી રીતે એક જ વિષય ઉપર વારંવાર વિચારતા રહેવાને લીધે તે ધીમે ધીમે એક એવી ધાર્મિક મનોસ્થિતિમાં આવી ગયો જેમાં તે એવું માનવા લાગ્યો કે ઈશ્વરે દુનિયાનાં ઉદ્ધાર માટે તેને પસંદ કરેલો છે. તેપોતે જાણે કે ક્રાઈસ્ટ છે અને બે હજાર વર્ષો પહેલાં જે તક તેને આવામાં આવેલી હતી તે જ તક તેને ફરીથી મળી રહી હતી. બિનખ્રિસ્તી લોકોને તેમની ખોટી માન્યતામાંથી બચાવવી તે તેની યોજનાનો મુખ્ય ભાગ હતો. તેનું માનવું હતું કે આ કાર્ય કોઈ મિશનરી પ્રવૃત્તિ દ્વારા ન થઈ શકે પરંતુ ખ્રિસ્તી ધર્મનાં જ મહાન નેતાઓની અસરથી થઈ શકે. આ આશયનાં લીધે જ તે પેલી સ્ત્રીમાં વધુ રસ લેવા લાગ્યો.

આવી ધાર્મિક ભ્રમણાઓથી જ્યારે તે ઘેરાયેલો હતો ત્યારે તેવી માનસિક પરિસ્થિતિમાં જ તે ખેડૂત મૃત્યુ પામે છે. કુદરતી રીતે જ તેનું એસ્ટ્રલ જીવન પણ પાર્થિવ જીવન સાથે સંકળાયેલું હોવાથી તે ઉચ્ચ શક્તિઓ તરફ ઉંચકાયું. તેણે પોતાની જાતને સ્વર્ણિમ જેરૂસલેમનાં નક્કર વિચારરૂપોની વચ્ચે જોઈ. આ સ્વર્ણિમ જેરૂસલેમ એ તેણે પોતાની વિચારશૈલીને અનુરૂપ રચી કાઢેલી કલ્પના હતી. એપોકેલિપ્સનાં વર્ણનોની જે રીતે તે કલ્પના કરી શકતો હતો તે ખરેખર તેની કુશળતા દર્શાવતું હતું.

આ ખેડૂતનાં વિચારરૂપોએ જ પેલી સ્ત્રીને દેખાયેલાં દૃશ્યોમાં 'સ્વર્ગની પરિષદ'ને રચી હતી. આ પરિષદનાં સભ્યો પણ રસપ્રદ હતાં. બાઈબલમાં દેખાતાં પાત્રોથી જ સ્વર્ગની આ પરિષદ બનેલી હતી. આ સભ્યો પણ વિચારરૂપો જ હતાં, જેમ જેમ વિશ્લેષણ આગળ વધતું ગયું તેમ તેમ તેમનાં અમુક પાત્રો જીવિત વ્યક્તિઓ સાથે જોડાતાં ગયાં કે જેનાથી વધુ રસપ્રદ અને નવાં જ પાસાઓ આ વિશ્લેષણમાં ઉમેરાતાં ગયાં. મદદકર્તા

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**

બંને મૃત વ્યક્તિઓ ધાર્મિક મનુષ્યો હતાં અને તેઓ બંને પોતપોતાના દૃષ્ટિકોણ પ્રમાણે કાર્ય કરી રહ્યાં હતાં. તેમાંનો એક વ્યક્તિ જર્મન હતો કે જે તેનાં પાર્થિવ જીવન દરમિયાન એક મોચી હતી. બીજી વ્યક્તિ કરતાં તે ખૂબ જ સરળ હતો. તેણે પણ પેલાં ખેડૂત વ્યક્તિની જેમ બાઈબલનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેને પણ ગૂઢ સ્વપ્નો આવતાં હતાં. તેને પણ એમ લાગતું હતું કે તેની પાસે પણ દુનિયાને આપવા માટે ખાસ જ્ઞાન છે. તે એવું અનુભવતો થયો હતો કે ક્રિશ્ચયાનીટીનું સાચું સત્ય ક્રાઈસ્ટ અને ચર્ચનાં એકીકરણમાં છે. તેના માટે ક્રાઈસ્ટ એ ગોસ્પેલમાં આવતાં ઐતિહાસિક પાત્ર કરતાં પણ વધુ ચર્ચની આત્મા હતા. ખ્રિસ્તી ધર્મનાં વ્યક્તિનું સાચું કાર્ય પોતાની અંદર આ ક્રાઈસ્ટ-સ્પિરીટને જગાડવાનું હતું. તેને એમ લાગતું હતું કે માનવજાતને જે સંદેશાની જરૂર છે તે એ છે કે દરેક મનુષ્ય ક્રાઈસ્ટ બની શકે છે અને બનવું જ જોઈએ. આ સંદેશો તેને ખૂબ જ સરળ અને સ્પષ્ટ જણાતો હતો. દુનિયાને પાપમાંથી બચાવવા માટે તેમજ સત્યનાં પ્રકાશ તરફ લઈ જવા માટે આ સંદેશા તરફ ધ્યાન અપાવવું જ જોઈએ. પાર્થિવ જગતમાં તેણે આ સંદેશાને લઈને લોકોને સંબોધવાનું શરૂ કરી દીધું હતું. પરંતુ હજી આ દિશામાં તે વધુ નોંધપાત્ર કાર્ય કરી શકે તે પહેલાં જ તેનું મૃત્યુ થઈ જાય છે.

મૃત્યુ બાદ એસ્ટ્રલ દુનિયામાં આવ્યાં પછી પણ તે પોતાનો સંદેશો ફેલાવવા માટે આતૂર હતો. અહીં તે પેલા મૃત ખેડૂતને મળતાંની સાથે તેનો મિત્ર બની જાય છે. તે બંનેની વચ્ચે ઘણી માન્યતા હતી અને તેઓ બંનેને એવું જણાતું હતું કે તેઓની યોજનાને સફળ કરવામાં એકબીજાને મદદરૂપ થઈ શકે તેમ છે. મોચીએ પેલા ખેડૂતને ક્રાઈસ્ટ તરીકે ન જોયો પરંતુ તેને એવી વ્યક્તિ તરીકે જોઈ કે જેમાં ક્રાઈસ્ટનાં ગુણો સારાં એવા ખિલેલાં હતાં. ખેડૂતને મોચીની વિચારધારા બહુ જ અસ્પષ્ટપણે સમજાઈ. પરંતુ તેને એટલું તો સમજાઈ ગયું કે દુનિયાને બચાવવા માટે કોઈ તેનો સાથ આપવા તૈયાર હતું. તેઓ બંને એકબીજાને તરંગી ગણતા હતા અને તેમનો ઉદ્દેશ એકબીજાને પોતાની યોજના માટે ઉપયોગ કરવાનો હતો.

''સ્વર્ગની પરિષદ''નો વિચાર આ બંનેએ જ પેદા કર્યો હોવો જોઈએ અને આ પરિષદનાં પાછાં તેઓ સભ્યો પણ હતાં. અથવા તો બીજા કોઈનાં વિચારરૂપમાંથી તેમને આ સ્ફુર્યું હોય અને તેને તેમણે અપનાવી લીધું હોય અને તે વિચાર સાથે પોતાને જોડી લીધાં હોય. આ બધાં વિચારરૂપો બહુ જ અસ્પષ્ટ હતાં પરંતુ તેઓ બંને માટે ખૂબ જ સંતોષદાયક હતાં. તેમણે પેદા કરેલાં સંત પોલ અને એલિજાહનાં વિચારરૂપો સ્પષ્ટ અને ચોક્કસ હતાં. એલિજાહ તો તેમની પ્રવૃત્તિથી ખૂબ જ આશ્ચર્યમાં નાંખી દે તેવાં હતાં. વધુ તપાસ કરતાં ખબર પડી કે એલિજાહની આ વિચારછબી પર પાછા બીજા એક મૃત વ્યક્તિએ કબજો મેળવી લીધો હતો. આ મૃત વ્યક્તિ તેના શરૂઆતનાં પાર્થિવ જીવન દરમિયાન ધર્મ પરિવર્તિત પામ્યો હતો. ત્યારબાદ તે અમેરિકામાં આવીને સ્થાયી થયો હતો. અહીં તે અમુક વર્ષો સુધી રહ્યો હતો અને ત્યારબાદ મૃત્યુ પામ્યો હતો. તે પોતાના પાર્થિવ જીવન દરમિયાન સતત લાગણીભર્યા ધાર્મિક અનુભવોની તલાશમાં રહેતો.

બીજા લોકો કરતાં તેને પાર્થિવ અને એસ્ટ્રલ જગત વચ્ચેનાં સંબંધની વધુ જાણ હતી. પાર્થિવ જગતને અસર કરવા માટે પહેલાં એસ્ટ્રલ જગતને અસર કરવી પડે છે

*(અનુસંધાન પાન-૧૮ ઉપર)*

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

# મારા જીવનમાં સંઘર્ષ અને થિયોસોફી

પ્રસ્તુતિ
કુ. માયા લાલવાણી★
રોહિત લોજ

મારા જીવનમાં સંઘર્ષ અને થિયોસોફી આ વિષય વિષે મેં સપ્ટેમ્બર મહિનામાં મારો એક લેખ લખી દીધો હતો. એ આપ સૌએ વાંચ્યો જ હશે. મિત્રો, હવે હું આ મારો લેખ આગળ વધારું છું અને આપ સૌને મારા મમ્મી-પપ્પા પછી હું મારું જીવન કેવી રીતે જીવું છું તેની જીવનકથા આપ સૌને કહીશ. કંઈ ભૂલચૂક હોય તો માફ કરજો.

ખરેખર પૂછો તો સાચી વાત તો એ છે કે મેં મારા ગુરુદેવો ઉપર બિલકુલ વિશ્વાસ મૂક્યો જ નહીં અને મારા મમ્મી-પપ્પા પછી શું થશે તેની ચિંતા સતત કર્યા જ કરી. આજે મને લાગે છે કે મેં આ એક ખૂબ મૂર્ખાઈભર્યું કામ કર્યું હતું અને મારા મમ્મી-પપ્પા હતા તે વખતનો મારો સુવર્ણ સમય બિલકુલ નકામો વેડફી નાખ્યો હતો. હવે આજે મને તેનો ખૂબ જ પસ્તાવો થાય છે. પરંતુ ગયેલો સમય તો પાછો ક્યારેય ફરવાનો જ નથી પણ જે થયું તે થયું, હવે હું આ મારી એક મોટી ભૂલ હતી એમ સ્વીકારી લઈ અને મારા ગુરુદેવો ઉપર પૂરેપૂરો વિશ્વાસ મૂકી મારું બાકીનું જીવન સરસ રીતે જીવી લઈશ એવો મેં દ્રઢ નિર્ણય કર્યો છે. હું મારા ગુરુદેવોનો ખૂબ ખૂબ આભાર માનું છું કે મેં તેઓના વિષે ગમે તે વિચાર્યું તોયે તેઓએ મને કદી પણ છોડી જ નહીં અને મારા મમ્મી-પપ્પાના ગયા પછી મને ખૂબ જ સરસ રીતે સંભાળી લીધી.

ત્યારબાદ હું વડોદરામાં **KADJI THE CARE** નામની એક સરસ મજાની સંસ્થા છે ત્યાં આગળ હાલ કાયમ રહેવાના વિચારથી રહું છું અને મને પૂરેપૂરો વિશ્વાસ છે કે હું મારા ગુરુદેવોની ખૂબ કૃપાથી મારું બાકીનું જીવન અહીં શાંતિથી પસાર થશે. ગુરુદેવોએ મને એવી એક જગ્યાએ મૂકી છે જ્યાં મને બધાની સાથે હળીમળીને રહેવા મળે છે અને મને કોઈ પણ જાતની ચિંતા જ નથી. સમયસર બધું મળી રહે છે અને અહીં બધા જ દર્દીઓની પૂરતી કાળજી લેવાંમાં આવે છે અને અમને બધાને બહુ ખુશ રાખે છે. જ્યારે મેં આ સંસ્થાની પહેલી મુલાકાત લીધી ત્યારે તો મને આ સંસ્થા જોઈને જ લાગ્યું કે મને અહીં રહેવા ખૂબ જ ગમી જશે. હું મારા મમ્મી૨૦૧૪માં ગુજરી ગયા પછી હું છેલ્લા ૭ વર્ષોથી અહીં ખૂબ જ સહી સલામત રહું છું અને અહીં રહેવાની ખૂબ સુંદર જગ્યા, બાગ-બગીચાઓ, મોટાં મોટાં રૂમો વગેરે જોઈને મને તો ખૂબ જ આનંદ થઈ ગયો. હું અહીનાં રહેતા દર્દીઓને મળી તેમની સાથે વાતચીત કરી તેમની તકલીફો પૂછીને તેઓ સૌને થોડું ઘણું થિયોસોફીનું જ્ઞાન પણ આપ્યું તેનાથી તેઓ સૌને ઘણી બધી હિંમત અને આત્મવિશ્વાસ પેદા થયો. હું શ્રી ગુરુચરણેની પુસ્તિકાઓ મંગાવી મંગાવીને બધાને ભેટ આપું છું અને તેઓ સૌ એ પુસ્તક આપવાનો આભાર સહિત રાજીખુશીથી લઈ લે છે અને ખૂબ હોંશે હોંશે વાંચે છે. મેં અહીંના નર્સોને પણ જોયા અને તેઓ સૌ જે રીતે બધાની કાળજી લે છે તે પણ જોયું. તેનાથી મને પણ સંતોષ થયો કે તેઓ મને પણ સારી રીતે સાચવશે એમ કરતાં કરતાં સાંજ ક્યારે પડી ગઈ તેની મને તો ખબર જ ના પડી. અહીં અમારે ત્યાં બધા જ સારા સારા અને મોટા મોટા ડોક્ટરો અમારી સેવા ચાકરી કરવા માટે હંમેશા હાજર જ હોય છે. અમારા એક બહુ જ સરસ મેડમ કે જેઓનું નામ ડો. દેવાંશી શાહ છે તેમની

---

સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા

સાથે તો મને ખૂબ જ ફાવી ગયું છે. તેઓ તો મને આ "માયાની માયા" બંધાઈ ગઈ છે એવું કાયમ કહ્યા જ કરે છે. તેઓ ખૂબ જ **Sweet Kind-hearted and very loving soul** છે અને અમને સૌને હમેશાં ખૂબ જ આશ્વાસન અને હિંમત આપતા રહેતા હતા. તેમની પાસે બેસી વાતો કરવાનું અમને બધાને ખૂબ જ ગમતું હતું, પરંતુ ખૂબજ દુઃખની વાત છે કે હવે તેઓ અહીંથી નોકરી છોડી બીજી જગ્યાએ જતા રહ્યા છે. ગુરુદેવો આ દાખલા ઉપર મને કંઈક તો શીખવાડવા માગતા જ હસે એમ મને તો લાગે છે. હવે હું ધીમેથી આપ સૌને અમે અમારો આખો દિવસ કેવી રીતે અહીં પસાર કરીએ છીએ તે ટૂંકમાં કહીશ.

દરરોજ વહેલી સવારે ૬ વાગે ઊઠી બ્રશ કરી નાહી-ધોઈ ભગવાનની પૂજા કરી ચા-નાસ્તો કરવા બેસીએ છીએ. ત્યાર પછી સમાચારપત્ર વગેરે વાંચીએ છીએ. ત્યારબાદ અમારા ફિઝિયો થેરાપીસ્ટ ડોક્ટરો સવારે ૧૦ વાગે આવી જ જાય અને અમને સૌને કસરતની પ્રવૃત્તિઓ કરાવે છે. વચ્ચે લીંબુ શરબત પણ મળે છે અને અમને સૌને ખાટા-મીઠા ફળો પણ ખાવા મળે. ત્યારબાદ ૧૨ વાગે બપોરે ભેગા મળી પ્રાર્થના કરી સાથે જમી લઈએ છીએ. હિન્દુઓના જે કંઈ તહેવારો આવે છે તે અમે સૌ ચૂક્યા વિના ઉજવીએ છીએ. અમારેત્યાં જાતજાતનાં વાર્ષિક ઉત્સવો પણ થાય છે તેમાં તો હું સૌથી પહેલી ભાગ લઈ લઉં છું. આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં અમારા **KADJI CARE** નાં ૧૦ વર્ષ પૂરા થયા હતા તેનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. એ સ્પર્ધામાં પણ મેં સૌથી પહેલો ભાગ લીધો હતો.મારું કરેલું ભાષણ અમારા મોટા મોટા ડોક્ટર લોકોએ **Face-book** વગેરે ઉપર મૂકી દીધું હતું તે મને ખૂબ જ ગમ્યું. જ્યારે જ્યારે પણ આવા વાર્ષિક ઉત્સવો થાય તેમાં હું તો સૌથી પહેલા ભાગ લઈ જ લઉં. જો હું ઘરે બેસી રહી હોત તો હું કાંઈ પણ કરી શકત નહીં. અને મારી ઈચ્છાઓ પૂરી ન થાત.

**AN IDLE MIND IS A DEVIL'S WORKSHOP** એવું મારું જીવન બની ગયું હોત. હું હમેશાં કામમાં મશગુલ જ રહું છું. તે મને ખૂબ જ સારું લાગે છે અને હવે મને મારું બાળપણ યાદ આવતું જ નથી અને નવું નવું જાણવાનું સારું લાગે છે. બપોરનો સમય અમે કેરમ-પાના વગેરે રમીએ છીએ. કોઈ વખત ટી.વી. સિનેમા જોઈએ છીએ. અમને સૌને વિડિયો રમત રમાડે છે અને જેના જેના પણ જન્મદિવસો આવે તેને ખૂબ ઉત્સાહથી ઉજવીએ છીએ. અમે ગરબા, ગાયન અંતાક્ષીર વગેરે રમીએ છીએ.

બીજે દિવસે સવારે અમે ડુમ્મસ ગયા અને ત્યાં ખૂબ ક્રિકેટ રમી સરસ મજાનો મોટો દરિયો જોયો. ચાલતા ચાલતા અમે કુદરતનું સૌંદર્ય જોતાં જોતાં અને પાણીમાં છબછબયાં કરતાં કરતાં સાંજ પડી ગઈ. હું મારા સપનામાં તલ્લીન થઈ ગઈ અને પક્ષીઓનો કિલકિલ અવાજ સાંભળી હું જાગી ગઈ ત્યારે મને ખબર પડી કે હું ફરી કાડજીમાં સહી સલામત પહોંચી ગઈ છું. આવી પ્રવૃત્તિઓ હું સતત કરતી જ રહીશ અને ગુરુદેવો અને સ્વજનો સાથે મારા સંબંધો વધુ ગાઢ થતાં રહેશે અને આગળ વધતા રહેશે. આમ હું અહીં બધી રીતે ખુશ છું અને મારા આજુબાજુનાં સંબંધીઓ પણ મારી સાથે કાયમ ખુશ રહે છે.

**Once Again Thanks to All of You.**

**ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ**
**સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ**

★ કુ. માયા લાલવાણી આપણા સ્વ. મોતીભાઈ જે. લાલવાણી તથા સ્વ. આલુબેન લાલવાણીની દીકરી છે. જે દિવ્યાંગ છે. લાલવાણી કુટુંબે અમદાવાદ લોજ, રોહિત લોજ તથા ગુજ. થિયો. ફેડ.માં ઘણું કાર્ય કરેલું. કુ. માયાને મહાત્માઓમાં ખૂબ જ વિશ્વાસ છે. અડ્યાર તેને માટે તીર્થસ્થાન બની ગયેલું. બાળપણથી જ તેનો નાતો થિયોસોફિકલ સોસાયટી અને તેના કાર્યકર્તાઓ સાથે બંધાઈ ગયેલો. સ્વ. રાધાબર્નિયર પણ તે જ્યારે અડ્યારમાં હોય ત્યારે તેની ખાસ ખબર પૂછતાં. આજે તેની જવાબદારી તેના મોટાભાઈ મીનુ લાલવાણી સંભાળે છે. તેને વડોદરામાં આવેલ. કાડજી કેર સેન્ટર ખાતે રહેવાની વ્યવસ્થા લાલવાણી દંપતીનાં અવસાન બાદ કેટલાંક વર્ષોથી થયેલી છે. માયાને વાર્તા કરવી, થિયોસોફીના ગીતો ગાવાં તથા પોતાનાં માતા-પિતાનાં અનુભવોની રજૂઆત કરવું ખૂબ ગમે છે. મેં તેને પોતાનાં અનુભવો લખવા જણાવ્યું ત્યારે તેનામાં નવીન ઉમંગ આવ્યો. તેણે લખવાનું શરૂ કર્યું. આ તેનો બીજો લેખ છે. આપણે ફક્ત તેને ખૂબ જ પ્રેરણા અને હિંમત આપીને પોતાનાં શારીરિક કષ્ટોમાં તે આનંદમય રીતે જીવન જીવે તેવું કાર્ય કરી શકીએ છીએ. તેનો લેખ વાંચીને જે કોઈ સભ્ય તે અંગે તેની સાથે વાત કરશે અથવા સંદેશ આપશે તો તેને ખૂબ જ આનંદ થશે. કદાચ આટલું નાનકડું કાર્ય કરીને આપણે પણ ધન્યતા અનુભવીશું. **૧૦મી માર્ચ** તેનો જન્મદિવસ છે. થિયોસોફિક જ્યોતિ તથા ફેડ.ના સૌ સભ્યો તેને શુભેચ્છાઓ પાઠવે છે. વાર્ષિક સૌજન્ય માટે તેણે તથા મોટાભાઈ મીનુ લાલવાણીએ દાન આપ્યું છે.

(મો. : ૯૪૨૮૮૭૦૨૫૩)

• • •

(રોહિત મહેતા..... પાના-૦૪ ઉપરથી ચાલુ)

૧૯૯૫માં અવસાન થયું. ત્યારબાદ ઘર સોસાયટીને પાછું સોંપવામાં આવ્યું હતું. તેમની પાસે વિવિધ વિષયો પર પુસ્તકોનો વિશાળ સંગ્રહ હતો. અમૂલ્ય સંપત્તિ તરીકે તેઓને સાચવવામાં પણ આવ્યાં છે.

ડૉ. રોહિત મહેતાએ થિયોસોફિકલ સાહિત્યમાં ઘણું યોગદાન આપ્યું છે, તેમણે ઓછામાં ઓછા ૩૧ અંગ્રેજી ભાષાના પુસ્તકો અને પત્રિકાઓ લખ્યાં. કેટલાંક પુસ્તકોની બહુવિધ પ્રિન્ટિંગ્સ અને આવૃત્તિઓ છે. કેટલીક આવૃત્તિઓ હિન્દી, ગુજરાતી, ડચ અને ફિનિશમાં હતી. ૧૯૫૫માં થિયોસોફિકલ સાહિત્યમાં તેમના યોગદાન માટે તેમને સુબ્બા રો મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

માર્ચ મહિનામાં આવી વિરલ સવાઈ ગુજરાતી વ્યક્તિત્વ પ્રતિભાને તેમની પૂણ્યતિથિ નિમિત્તે નતમસ્તક થઈને, પ્રેરણા પિયુષ પામીને બ્રહ્મવિદ્ જીવનમાર્ગે આગળ વધીએ તેવી અભ્યર્થના !

• • •

**સ્વ. પિતાશ્રી મોતી જે. લાલવાણી તથા સ્વ. માતુશ્રી આલુબેન એમ. લાલવણીની શાશ્વત યાદમાં...**
**સૌજન્ય : કુ. માયા લાલવાણી તથા શ્રી મીનુ લાલવાણી**

## DECLARATION

**Statement about ownership and other particulars**

**[Under Section-5 Act. No. 25 og 1857) (See Rule 3)]**

| | | |
|---|---|---|
| **(1)** | **Place of Publication** | : Gujarat Theosophical Federation<br>9, Apurva Bungalows, B/h. Sharda School,<br>Bhuyangdev, Sola Road,<br>Memnagar, Ahmedabad-380052 |
| **(2)** | **Periodicity of its Publication** | : Monthly |
| **(3)** | **Printer's Name & Address** | : Naishadh Printers<br>145, Opp. Municipal School, Naranpura<br>Village, Naranpura, Ahmedabad-380013 |
| **(4)** | **Publisher's Name** | : Harshavadan Mohanlal Sheth |
| **(5)** | **Editor's Name** | : Harshavadan Mohanlal Sheth |
| | **(Whether citizen of India)** | : Yes |
| | **If foreigner, State the Country of Origin)** | : X |
| **(6)** | **Owner's Name** | : **Gujarat Theosophical Federation** |

I, **Harshavadan Mohanlal Sheth,** hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**Date : 1 March, 2022**

**Harshavadan M. Sheth**

Signature of Publisher



## શ્રદ્ધાંજલિ

રોહિત લોજના અત્યંત વરિષ્ઠ સભ્ય શ્રી જયંતિલાલ હરગોવિંદદાસ પંચાલનું તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ અવસાન થયું છે. રોહિત લોજને ઘણી રીતે મદદરૂપ થનાર જયંતિલાલ અધિવેશન દરમિયાન ઘણી સારી રીતે જાહેર સંપર્ક માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસારનું કાર્ય કરતાં. પોતાની જૈફ વયને કારણે પાછલાં વર્ષોમાં બહાર નીકળી શકતાં નહતાં. પરંતુ થિયોસોફી અને રોહિત લોજ સાથેનો સંબંધ જાળવી રાખેલો. તેમના ઘરના બધા જ લોકોને થિ.સો.ના સભ્યો બનવા માટે પ્રેરણા આપેલી. રોહિત લોજના સભ્યો તથા ફેડ.ના સભ્યો સદ્‌ગતનાં આત્માની શાંતિ અને પ્રગતિ માટે તથા તેમનાં કુટુંબીજનોને ઈશ્વર આ આપત્તિ અને દુઃખના સમયમાં સાંત્વના પ્રાપ્ત થાય તે માટે ઈશ્વરને પ્રાર્થીને શ્રદ્ધાસુમન અર્પણ કરે છે.

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

**INDIAN SECTION HEADQUARTERS - THE THEOSOPHICAL SOCIETY**
**GURUBAGH ROAD, KAMACHHA, VARANASI - 221 010 (UP)**
(Subject to Varanasi Jurisdiction)

## MEMBERSHIP APPLICATION FORM

[illegible]

Date of Application.........................

**Objects of The Theosophical Society**

| | |
|---|---|
| **First** | To form a nucleus of the Universal Brotherhood of Humanity without distinction of race, creed, sex, caste or colour. |
| **Second** | To encourage the study of Comparative Religion, Philosophy and Science. |
| **Third** | To investigate unexplained laws of Nature and the powers latent in man. |

Having considered the three objects of The Theosophical Society, having read the Constitution, Rules & Regulations of the Indian Section and being in sympathy therewith, I hereby apply for admission as a member of the Society, and agree to abide by its Constitution and Rules.

**FORM TO BE FILLED IN BLOCK LETTERS ONLY**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| First Name | | | | | | |
| Middle Name | | | | | | |
| Last Name | | | | | | |
| House No | | | | | | |
| Land Mark | | | | | | |
| Name of Road | | | | | | |
| Village/Town | | | | | | |
| City | | | | | | |
| Taluka & District | | | | | | |
| Pin Code | | | **State** | | | |
| Mob. No. | | | | | | |
| Aadhar Number | | | | | | |
| Email Address | | | | | | |
| Gender (Tick) | Male | Female | Age | Date of Birth | | |
| Name of Lodge | | | | | | |
| Name of Federation | | | | | | |
| Village/City | | | | | Tick if Unattached(✓) | |
| Signature of Me[redacted] | | | Signature of Guard[redacted] | | | |
| Date | | | Date | | | |

Tick mark one YES if the monthly journal, The Indian Theosophist is required [illegible] Yes [illegible]

[illegible]

| | |
|---|---|
| Name of Lodge Secretary | Name of the Federation Secretary |
| | |
| Signature of Lodge Secretary [redacted] | Signature of Federation Secretary [redacted] |
| Date | Date |

(To be filled in at the President's Office of the Indian Section)

| | | | |
|---|---|---|---|
| Date of Application | | Yearly No. | |
| Date Appl. Recd | | Diploma No. | |
| Serial No. | | Diploma Date | |

Signature of President of Indian Section [redacted]

સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !

સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ

## ઈન્ડિયન સેક્ષનનો અગત્યનો સંદેશ

પ્રસ્તુતિ
શ્રી પ્રદીપસિંહજી એચ. ગોહિલ
*પ્રમુખ, ઈન્ડિયન સેક્શન*

[ઈન્ડિયન સેક્ષનના પ્રમુખ શ્રી પ્રદીપસિંહજી એચ. ગોહિલે નીચે મુજબનો ખાસ પરિપત્ર-સંદેશ ફેડ.ની લોજોના દરેક સભ્યે વાંચીને ખાસ ધ્યાનમાં લેવો તથા તેને સાચવવો તથા ભવિષ્યમાં પણ તે પ્રમાણે સૂચક પગલાં લેવાં અનિવાર્ય છે.]

ભૂતકાળમાં ઈન્ડિયન સેક્શને ઘણાં રિપોર્ટ્સ, પુસ્તિકાઓ, સભ્યપદ માટેનાં અરજી ફોર્મ્સ વગેરે ફેડરેશન મંત્રી તથા પ્રમુખ દ્વારા પૂરા પાડવામાં આવેલા. કેટલાંક કાર્યદક્ષ પ્રમુખ અને મંત્રીઓએ પોતાની લોજના મંત્રીઓને તે પૂરાં પણ પાડેલાં. જો કે કમનસીબે કેટલાંકે પોતાની જવાબદારી અદા કરી નથી. તેથી હું સીધા જ નીચેની બાબતો સભ્યોજોગ જણાવું છું.

(૧) ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ
(૨) પેડ્રો ઓલીવેરા દ્વારા પ્રસ્તુત પુસ્તક : એનીબેસન્ટ ઈન ઈન્ડિયા
(૩) 'એટ ધ ફીટ ઓફ ધ માસ્ટર' પુસ્તિકા (હિન્દી/અંગ્રેજી)
(૪) પુસ્તક : 'ધ કી ટુ થિયોસોફી' (હિન્દી/અંગ્રેજી)
(૫) પુસ્તક : હીડન સાઈડ ઓફ લોજ મીટીંગ્સ (હિન્દી/અંગ્રેજી)
(૬) પુસ્તિકા : "બંધારણ તથા ઈન્ડિયન સેક્ષનનાં નિયમો – ૨૦૨૧"
(૭) નવા સભ્યો માટેનો અરજી ફોર્મ (સુધારેલી આવૃત્તિ)
(૮) નવા સભ્યોની પ્રવેશ ફી રદ કર્યા પછીનું સભ્યપદ તથા પોતાના ફેડ. મંત્રીને "વાર્ષિક બાકી ફી"ની જગ્યાએ "લોજ અહેવાલમાં સભ્યપદ અંગેની સ્થિતિ"નો અહેવાલ મોકલવા અંગેનું માર્ગદર્શન

આપની લોજના દરેક સભ્યને ઉપરોક્ત માહિતી અને પુસ્તિકાઓ પૂરી પાડવી. "હીડન સાઈડ ઓફ લોજ મીટીંગ્સ" પુસ્તક લોજ કાર્યમાં મદદરૂપ થશે. મેડમ બ્લેવેટ્સ્કી લિખિત પુસ્તક "ધ કી ટુ થિયોસોફી" આપણા સભ્યોને થિયોસોફિકલ સોસાયટીની તથા તેનાં કાર્યની ઊંડી સમજ આપશે.

વળી હું ખાસ ધ્યાન દોરું છું કે દરેક સભ્યે પોતાનું રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ ઈન્ડિયન સેક્ષનને મોકલવું. 'ઈન્ડિયન થિયોસોફિસ્ટ' મેગેઝીન (હિન્દી અથવા અંગ્રેજીમાં) જે તે ભાષામાં નિઃશુલ્ક પ્રાપ્ત કરવા પોતાના સરનામાની જાણ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૨ સુધીમાં કરવી જેથી જરૂરી સંખ્યામાં છાપી શકાય.

તમારી લોજમાં નવાં સભ્યોનો વધારો થાય તે પર ધ્યાન દેવું. ઈન્ડિયન સેક્ષનની કોઈ જ દાખલ ફી કે વાર્ષિક બાકી ફી નથી. યુવા સભ્યો અને વિદ્યાર્થીઓને ખાસ પ્રોત્સાહન આપવું. જો તમારે કોઈ પ્રશ્ન હોય તો મને લખી જણાવવું. જો તમારી લોજમાં "લોજ બંધારણ" (ઈન્ડિયન સેક્ષન દ્વારા નોંધાયેલ અને માન્ય હોય તે)ના હોય તો બંધારણની પુસ્તિકા : "મોડેલ કોન્સ્ટીટ્યુશન ઓફ લોજીસ" તમારી લોજને લાગુ પડી શકશે. તે પુસ્તિકાને છપાવીને તેની નકલ દરેક સભ્યને આપવી. મેં ૨૪ જાન્યુઆરી, ૨૦૨૨ ની "ગાઈડલાઈન ઓન એબોલીશન ઓફ એડમિશન ફીઝ એન્ડ એન્યુઅલ ડ્યુઝ" (પ્રવેશ ફી તથા વાર્ષિક બાકી ફીની નાબુદી અંગે માર્ગદર્શન) આ સાથે સામેલ કરી છે.

આપનો વિશ્વાસુ
શ્રી પ્રદીપસિંહજી એચ. ગોહિલ
પ્રમુખ, ઈન્ડિયન સેક્ષન

# સ્વ. વીરાબેન દસ્તુર સ્મૃતિશિબર
# ફેબ્રુઆરી-૨૨ નો અહેવાલ

પ્રસ્તુતિ
શ્રી ઉદયકુમાર પાકાવાલા
પ્રમુખશ્રી, સનાતન લોજ, સુરત

દર વર્ષે ફેબ્રુઆરી મહિનાનાં પ્રથમ રવિવારે યોજાતી સ્વ. વીરાબેન દસ્તુર સ્મૃતિશિબિર ચાલુ સાલે તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૨ માં યોજવાનું ભાગ્યશાળી સનાતન લોજ, સુરત રહ્યું.

અગાઉથી શિબિર અંગેની તૈયારીઓ તથા મીની ભંડોળી (ફંડ) એકત્ર કરાયેલ હતું. પરંતુ કોરોના/ઓમિક્રોનની મહામારીને કારણે પાછળથી તે ઓનલાઈન કરાઈ. પરંતુ સુરતમાં સંક્રમણ ઓછું હોવાથી સુરતના સૌ સભ્યો એનીબેસન્ટ હોલ ખાતે એકત્ર થઈ, લેપટોપ દ્વારા આ શિબિરનું સંચાલન લોજ પ્રમુખશ્રી ઉદય પાકાવાલા દ્વારા સુચારુરૂપે કરાયું, જેની આછી ઝલક નીચે મુજબ છે.

(૧) યુનિ. પ્રેયર તથા પ્રાસંગિક પ્રવચન : લોજ પ્રમુખશ્રી ઉદય પાકાવાલા દ્વારા યુનિવર્સલ પ્રેયર કરાવી, ત્યારબાદ તેનું પ્રાસંગિક પ્રવચન કર્યું.

તેમણે સુરતનાં એનીબેસન્ટ હોલનો **Aminity Block (Facilities)** રૂા. ૮૫,૦૦૦/- નાં ખર્ચે રીનોવેટ/ડેવલપ કરાયો તે વિષે જણાવ્યું.

૧૯૧૪માં ૧૩૭ વર્ષ પહેલાં સ્થપાયેલી આ લોજ વિષે સંક્ષિપ્ત માહિતી આપી. ૧૯૩૮માં હાલનો એનીબેસન્ટ હોલ ખુલ્લો મુકાયેલ તે જણાવ્યું. હાલમાં સનાતન લોજમાં **TS-TOS-ES** અને મેસોનીકની પ્રવૃત્તિ સુચારુરૂપે ચાલી રહી છે તે જણાવ્યું. આ બધા કાર્યમાં લોજ મંત્રીશ્રી હિતેષભાઈ પટેલ તથા લોજના ઉપપ્રમુખશ્રી નરસિંહભાઈ ઠાકરિયાનો ખૂબ જ સહયોગ મળી રહે છે તે જણાવ્યું.

'ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને અને તાપી સ્મરણે' એ શ્લોક ટાંકી તાપી મહત્તા અને તે દ્વારા સુરતના ગૌરવની વાત જણાવી. 'સુરતનું જમણ અને કાશીનું મરણ' એ કહેવત જણાવી.

જીવન જીવવાનાં ચાર પ્રકાર હોય છે : ૧. આદર્શ જીવન ૨. વ્યવહારિક જીવન ૩. સમાધાનકારી જીવન ૪. લુચ્ચાઈભર્યું જીવન. વીરાબેન વ્યવહારિક તો હતા પણ છેક સુધી થિયોસોફીનાં આદર્શ પ્રમાણે જીવ્યા તે સમજાવ્યું.

અને છેલ્લે, બાળક જન્મ લે ત્યારે 'દુનિયા હસે અને બળક રડે છે' પરંતુ મહાન હસ્તી વિદાય લે ત્યારે 'દુનિયા રડે અને વિદાય લેનાર હસતા મુખે વિદાય લે છે' તેમ વીરાબેન હસતાં હસતાં આપણી વચ્ચેથી વિદાય થયા.

ત્યારબાદ સ્વ. વીરાબેનના ૧૯૯૦માં લખાયેલા પેમ્ફલેટમાંથી સાચા થિયોસોફિસ્ટના લક્ષણો બતાવ્યા અને સુરતમાં યોજાયેલ ૮૪માં જોથાણ અધિવેશનનાં સોવિનીયરમાં પ્રકાશિત થયેલી ભૂતપૂર્વ લોજ પ્રમુખશ્રી ભુપતભાઈ વ્યાસ લિખિત સ્વ. વીરાબેનનું અંજલિ કાવ્યનું સુંદર રીતે પઠન કર્યું.

સૌને બ્રહ્મવિદ્યાના ભડવીર, પ્રવૃત્તિમાં શુરવીર એવા સ્વ. વીરાબેનનાં સદ્‌ગુણોને આત્મસાત કરી બ્રહ્મવિદ્ થવાની વાત જણાવી.

(૨) શિબિરના પ્રસ્તાવક : સુશ્રી કેશ્વરબેન દસ્તુર - સ્વ. વીરાબેનની ઝરમર :

આ શિબિર સ્વ. વીરાબેનનાં મૃત્યુ પછીના બીજા જ વર્ષથી શરૂ થઈ તે અંગે માહિતી આપી શિબિરનો ઉદ્દેશ્ય સમજાવ્યો.. એકલવીર જેમ ઝઝુમતા-દોડતા વીરાબેનના જીવનમાંથી પ્રેરણા લેવાની શીખ આપી.

છેક છેલ્લે સુધી ભુકંપના રાહતકાર્યની ચિંતામાં હતા તે વિગતો જણાવી.

(૩) શિબિરના પ્રમુખ : શ્રી વિનાયકભાઈ પંડ્યા (પ્રમુખ - બોમ્બે થિ.ફે.) (વિષય : બ્રહ્મવિદ્યાનું કાર્ય)

તેમણે સનાતન લોજ અને વીરાબેન દસ્તુર દ્વારા **TS** નું જ્ઞાન એ માટે બેનનો આભાર માન્યો.

તેમણે કહ્યું : સારું બોલો - સારું આચરણ કરો - કોઈની નિંદા ન કરો - પોઝીટીવ થિંકીંગ રાખો - સારી વસ્તુ હોય ત્યાં ભાગ લો તેમ જણાવ્યું. થિયોસોફીનાં ત્રણે ઉદ્દેશો વિષે સંક્ષિપ્તમાં સુંદર સમજૂતી આપી.

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**
**ભાવનગર લોજ**

**HPB** ને ટાંકીને તેમણે વિશ્વમાં એક શાશ્વત સત્ય અને પ્રેમ વિષે જણાવ્યું. આપણે જગતનાં સૌ બંધુઓ એકબીજાને મદદરૂપ થઈએ તેમ જણાવ્યું.

(૪) શ્રી હર્ષવદનભાઈ શેઠ (તંત્રી, જ્યોતિ મેગેઝિન) (વિષય : બ્રહ્મવિદ્યાની વ્યવહારિકતા)

પોતાના **TS** માં આવવામાં વીરાબેનનાં યોગદાન વિષે સમજાવ્યું. તેમણે વીરાબેનને પારસ્પરિક સંબંધોના સ્તંભ ગણાવ્યા. **TS** એ વ્યક્તિગત વિકાસ સાધવાનું માધ્યમ છે તે જણાવ્યું. વીરાબેન સાથે સંસ્મરણો રજૂ કરી **TS** માં સ્વ. વીરાબેનનાં પ્રદાન અંગે સુંદર વાત કરી.

(૫) શ્રી નરસિંહભાઈ ઠાકરીઆ (નેશનલ લેક્ચરર, ઉપપ્રમુખશ્રી સુરત લોજ) (વિષય : બ્રહ્મવિદ્યા પૂર્ણતાનો માર્ગ છે)

તેમણે કહ્યું : મેં વીરાબેનને નથી જોયા પણ તેમની પ્રતિકૃતિ જેવા તેહમીનાબેન તુરેલને જોયા છે. થિયો.નો મુદ્રાલેખ **There is no Religion Higher Than Truth** તે વિષે વિશિષ્ટ સમજ આપી. આત્મા સાથે જોડાવાથી આત્મવિશ્વાસ વધે છે. સત્યના પથ પર ચાલનારા માણસને મૃત્યુનો ભય હોતો નથી. આત્મવિશ્વાસ સાથે જીવન જીવો. દુનિયાનો સૌથી પવિત્ર છોડ પ્રેમ છે, જે હૃદયમાં ઉગે છે, દ્વેષ ખોટી વસ્તુ છે.

(૬) ડૉ. વર્ષાબેન પટેલ (પ્રમુખ રોહિત લોજ) (વિષય : બ્રહ્મવિદ્યાનું દિવ્યદર્શન)

દિવ્યદ્રષ્ટિ ધરાવતા આપણા નેતા જ્યોફ્રે હડસનનાં પુસ્તક દ્વારા સુંદર પ્રવચન આપ્યું. જીવનનું વિશિષ્ટ દર્શન, બંધુત્વનો આદર્શ અને દિવ્યતા એ જીવનનું વહેતું ઝરણું **(Unity of Life)** છે, એમ સમજાવ્યું. મૃત્યુ પછી માનવશરીરનો ૭ આવરણ **(7 Rays)**ના ભાગ વિષે સમજાવ્યું. મૃત્યુનો મંગલ ઉત્સવ તથા જીવનમુક્ત મહાપુરુષોનો સમુદ્ર **(While Lotus Group)** વિષે સમજાવ્યું.

(૭) ગુલામ ફરીદ વ્હોરા (સભ્ય, સનાતન લોજ) (વિષય : ધ્યાનમાં ઓમકારનું મહત્ત્વ)

વિચારમય વિચાર છે. વિચારથી પર થવા માટે ધ્યાનનું મહત્ત્વ છે. ૐ-શબ્દ બ્રહ્મ એ વિચારથી બહાર છે. સમુદ્રમંથનમાંથી પ્રણવનાદ-ૐની ઉત્પત્તિ થઈ. ૐ ઈશ્વર સાથે જોડાવા માટે મહત્ત્વનું છે.

(૮) ડૉ. દિપીકાબેન પાઠકજી (કારોબારી સભ્ય, સુરત સનાતન લોજ) (વિષય : જીવન એક ઉત્સવ)

શિબિરનું હાર્દ સમજાવ્યું. વીરાબેનની લાક્ષણિકતા સમજાવી. જીવન એક પરિઘ છે અને આપણે પ્રત્યેક ક્ષણે મૃત્યુ તરફ જઈ રહ્યા છીએ. મૃત્યુ ટાળી શકાતું નથી. મૃત્યુની ગતિ જાણી શકાતી નથી. વ્યક્તિ જો જાણકાર હોય તો આ જાણકાર આત્માનાં અમરતાની વાત સમજાવી. તથા હોશભરેલું જીવન અને સભાનતાથી જીવેલાં જીવનની વાત સમજાવી. ઉલ્લાસમય જીવનથી આનંદમય જીવનયાત્રા કરવાની વાત કરી.

(૯) હિતેષભાઈ પટેલ (મંત્રી, સનાતન લોજ) (આભારવિધિ)

દરેક વક્તાઓનો ખૂબ સારી રીતે આભાર માન્યો. શિબિરના પ્રસ્તાવક કેશ્વર દસ્તુર તથા પ્રમુખ શ્રી વિનાયક પંડ્યાનો ખૂબ વિશેષ રીતે આભાર માન્યો. તેમણે સ્વ. વીરાબેન ગુજરાત થિયો.ના દિગ્ગજ નેતા/મહાપુરુષ ગણાવ્યા. સ્વ. વીરાબેન અંગે એક પુસ્તિકા છપાવી તેમને અક્ષરદેહે જીવંત રાખી સૌને પ્રેરણારૂપ બને તેવો સુંદર પ્રસ્તાવ રજૂ કર્યો.

(૧૦) અને છેલ્લે શિબિરનાં સંચાલક પ્રમુખશ્રી ઉદય પાકાવાલાએ શિબિરની ફળશ્રુતિ રજૂ કરી

(૧) વીરાબેનને નહી જાણનાર/જોનાર વ્યક્તિઓને પણ તેમના ચરિત્ર અને કાર્યમાં ઉત્કંઠા જાગી (દિપીકાબેન દ્વારા)

(૨) તેઓ સ્મૃતિ રૂપે આપણી સાથે છે તેવી અનુભૂતિ થઈ છે. (માયાબેન લાલવાણી દ્વારા)

(૩) આખીય શિબિરમાં જ્ઞાનામૃતનું પાન થતું હોય તેમ જણાયું. (પરવીનબેન દ્વારા)

(૪) તેમને અક્ષરદેહે (પુસ્તિકા) દ્વારા જીવંત/અમર રાખીએ (હિતેષભાઈ પટેલ દ્વારા)

અંતમાં સૌ સુરતનાં સભ્યો પ્રીતિભોજન લઈ છૂટા પડ્યા. જેના સ્પોન્સર શ્રી નરસિંહભાઈ ઠાકરિયા સાહેબ હતા.

ઉદયભાઈ પાકાવાલા
(પ્રમુખ, સનાતન લોજ)
મો. : ૭૯૮૪૦૧૮૧૮૫

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

# જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ

(મૂળ લેખક : પી.કૃષ્ણા, ● અનુવાદક : શ્રી હર્ષદ દવે)

પ્રસ્તુતિ
શ્રી હર્ષદ દવે
રેવા લૉજ, વડોદરા

*ગતાંકથી આગળ...*



મને સમજાયું નહીં કારણ કે હું વિચારતો હતો કે એક શિસ્તબદ્ધ વ્યક્તિ તો સ્ફૂર્તિવાળો અને ક્રિયાશીલ હોય છે. તો મેં તેમને પછીથી પૂછ્યું કે તેમના કહેવાનો આશય શો હતો ? તેમણે કહ્યું, 'જો તેનું મન આળસુ ન હોય તો તેણે આટલું શિસ્તબદ્ધ કેમ કરવું પડે ? મારે જો સવારે છ વાગે ઉઠવું હોય તો હું ઉઠી જાઉં છું. જો એવું કરવા માટે મારે ઘણી બધી શિસ્તની જરૂર પડે તો તેનો અર્થ એ જ થયો કે હું આળસુ છું. ?'

આ થોડા શબ્દોમાં તેમણે મને એ શીખવી દીધું કે આપણાં મનમાં દ્વંદ્વ કેવી રીતે ઉદ્ભવે છે ? જ્યારે કોઈ વ્યક્તિ હિંમત એકઠી કરવા ઈચ્છતી હોય ત્યારે ખરેખર તો તે ડરપોક હોય છે ! જો તે અહિંસક બનવાની કોશિશ કરી રહી હોય તો તેનો અર્થ એ છે કે તે હિંસક છે. જે કાંઈ પણ આપણે બનવા ઈચ્છતા હોઈએ આપણી હકીકત તેનાથી ઉલટી હોય છે. આ તેમના શિક્ષણનો એક મહત્ત્વનો મુદ્દો છે. જો આપણે આળસુ હોઈએ તો તેનાં કારણો હોય છે અને એ કારણોનો અંત લાવવો જરૂરી છે, નહીં કે પરાણે આળસનો વિરોધ કરવો. એવું બની શકે કે આળસ ખોટું ખાવાને લીધે હોય, અથવા પૂરી ઊંઘ ન લઈ શકાઈ હોય તેને કારણે હોય, અથવા શારીરિક વ્યાયામનાં અભાવને લીધે અથવા સમતોલ જીવન જીવવાથી જે થાક લાગે તે કારણે હોય. કારણ જાણવાથી જ તેને ઠીક કરવાની સમસ્યાથી મુક્તિ મળે છે, નહીં કે વિરોધાભાસ ઉત્પન્ન કરવાથી પોતાને વિષે શીખીને પોતાના જીવનને ઠીક કરવાથી સમસ્યાનો અંત આવી જાય છે; પોતાની સાથે શિસ્ત અને સંયમના નામે બળજબરી કરવાથી તો સમસ્યા જેમની તેમ (યથાવત) રહે છે અને દ્વંદ્વ ઉત્પન્ન થાય છે.

એકવાર જ્યારે તેઓ દ્વંદ્વથી મુક્ત થવાનું મહત્ત્વ સમજાવી રહ્યા હતા અને કહી રહ્યા હતા કે સ્વયંને (પોતાને) જાણીને જીવન દ્વંદ્વથી સંપૂર્ણપણે મુક્ત થઈ શકે છે, ત્યારે મેં તેમને પછીથી પૂછ્યું, 'સર, તમારા ભાષણની જાહેરાત છ મહિના પહેલા થઈ જાય છે. જો કોઈ વાર તમારું મન ભાષણ આપવા ન ઈચ્છતું હોય તો શું દ્વંદ્વ નહીં ઉદ્ભવે ?'

તેમણે તરત જ કહ્યું, 'નહીં. જો મને ઈચ્છા નહીં થાય તો હું ભાષણ નહીં આપું, પરંતુ આજ સુધી એવું ક્યારેય નથી થયું !'

ત્યારે મને સમજાયું કે દ્વંદ્વથી મુક્તિ મેળવવા માટે આંતરિક અવરોધથી મુક્ત થવું જરૂરી છે. પચાસ વર્ષોથી તેઓ ભાષણ કરતા આવ્યા છે અને એક દિવસ માટે પણ મનમાં ઉચાટ ન હતો; તેને મુક્ત કહેવાય ! આપણી સ્વતંત્રતા, વ્યવસ્થા અથવા કોઈ નિયમ કે આયોજન વડે સીમિત નથી હોતી, તે આપણી અંદરના જડ ચિત્ત દ્વારા સીમિત હોય છે !

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

કૃષ્ણજી જ્યારે સ્કૂલના બાળકો સાથે વાત કરતા હતા ત્યારે તેઓ બાળકોના સ્તર પર આવીને વાત કરતા હતા, અને જ્યારે તેઓ ડેવિડ બૉહ્મ જેવા વૈજ્ઞાનિક સાથે વાત કરતા હોય ત્યારે તેઓ તેમના સ્તરે વાત કરતા હતા; પણ બંને વખતે તેઓ એટલા જ ઉત્સાહ અને એટલી જ તન્મયતા સાથે વાત કરતા. આપણે કરીએ છીએ તે રીતે તેઓ લોકોને તેમના જ્ઞાન, યોગ્યતા અથવા હોદ્દાના આધારે માપતા ન હતા. તેઓ નાનામાં નાની વ્યક્તિ સાથે વાત કરી રહ્યા હોય તો પણ મેં તેમને હંમેશાં સાવચેત, સંવેદનશીલ, જાગૃત અને આદરથી વાત કરતા જોયા છે, આળસ તો જાણે તેમને સ્પર્શી પણ ન શકતી. સહુ પ્રત્યે તેમનો પ્રેમ, આદર, વિનમ્રતા અને સ્નેહ પ્રવાહિત થતો હતો પણ તેનો અર્થ એ નથી કે તેમણે ક્યારેય સત્ય કહેવાનું છાવર્યું હોય અથવા સત્ય કહેવાનું ટાળ્યું હોય.

એકવાર તેમના ભાષણ પછી તેમને ઘરે લઈ જવા માટે હું તેમની પાસે ઊભો હતો. શ્રોતાઓમાંથી એક વ્યક્તિ તેમની પાસે ગદગદિત થઈને આવી, તેમની સાથે હસ્તધૂનન કર્યું અને તેણે કહ્યું, 'ઉત્કૃષ્ટ ભાષણ સર, ઉત્કૃષ્ટ ભાષણ !'

કૃષ્ણજીએ તેને જોઈને સ્મિત કર્યું અને જ્યારે તે ચાલ્યો ગયો ત્યારે મારી બાજુ ફરીને બોલ્યા, 'આ એક પ્રકારનું અપમાન હતું સર !'

આપણને જે વખાણ લાગે તેને તેઓ અપમાન કહી રહ્યા હતા. પછી હું વિચારી રહ્યો હતો કે તેમણે એવું કેમ કર્યું ? ત્યારે મને થયું કે કદાચ તેઓ એમ કહેવા ઈચ્છતા હતા કે જ્યારે તેઓ જીવનનું સત્ય દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે એ આપણે એ વાતને એક સુંદર ભાષણ તરીકે લીધી. તેમનાથી પોતાની પ્રશંસા જરાપણ સહન થતી ન હતી. એટલે સુધી કે તેઓ લોકોને પોતાના ભાષણની પહેલાં પોતાનો પરિચય પણ આપવા દેતા ન હતા કારણ કે મોટેભાગે લોકો વક્તાની બહુ જ પ્રશંસા કરતા હોય છે.

૧૯૬૦ ના દશકામાં તેમની એક તસવીર લેવાની મારી બહુ ઈચ્છા હતી, એટલે હું કેમેરા લઈને ફરતો હતો. એ દિવસોમાં કોઈ તેમની તસવીર લે એ તેમને બિલકુલ ગમતું ન હતું. તેઓ પોતાના લેક્ચરમાં કોઈને નોટ્સ પણ લેવા દેતા ન હતા. તેમનું કહેવું એવું હતું કે સત્ય જોવાની વસ્તુ છે, જાણવાની નહીં. એટલે તેઓ એવું નહોતા ઈચ્છતા કે તેમના ભાષણને લખીને પછી વાંચવામાં આવે. તેઓ તો એમ કહેતા હતા કે આ ભાષણ નથી; બે મિત્રો એકસાથે મળીને સત્યને જોઈ રહ્યા છે. જ્ઞાનને તેઓ સપાટી પરની (છીછરી) સમજણ માનતા હતા. તેઓ વારંવાર ભારપૂર્વક કહેતા હતા કે તેઓ કોઈ મત અથવા સૂચના નથી આપી રહ્યા, ન તો તેઓ તર્ક વડે લોકોને પોતાનો દૃષ્ટિકોણ સમજાવી રહ્યા છે. તેઓ ઈચ્છતા હતા કે શ્રોતા તેમના શબ્દોને એક એવા દર્પણની જેમ લે કે જેમાં તેઓ પોતાને સ્પષ્ટપણે જોઈ શકે. તેઓ એવું નહોતા ઈચ્છતા કે તેમના વિચારોને માની લેવામાં આવે; શબ્દ તો કેવળ સંકેત હતા અને તેઓ ઈચ્છતા હતા કે તેઓ તેમની પાછળ જે સત્ય દર્શાવવાની કોશિશ કરે છે તેને શ્રોતા પોતાની જાતે જ જુએ. (ક્રમશઃ)

(મો. : ૮૭૫૮૭૪૬૨૩૬)

---

**ચંદ્રિકા ગુંજન સ્મૃતિ ફાઉન્ડેશન (પબ્લિક ટ્રસ્ટ)**
**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

## સાગર પંખી

*પ્રસ્તુતિ*
શ્રીમતિ પરવીન પટેલ
*રેવા લોજ, વડોદરા*

*ગતાંકથી આગળ...*

એકાદ મહિના પછી જોનાધન પોતાના સીગલ જાતિબંધુઓ પાસે જઈને વસવાની વાત કરે છે. શિષ્યો આ બાબતનો વિરોધ કરતાં જણાવે છે કે, "આપણે તો ન્યાતબહાર કહેવાઈએ, ન્યાતબહાર મૂકાયેલું સીગલ ક્યારેય પાછું ફરતું નથી. જોન પ્રત્યુત્તર વાળતાં જણાવે છે," ન્યાતબહાર મૂકાયા એટલે જ હવે આપણને ન્યાતનું બંધન નથી. અહીં કરતાં ત્યાં જવાથી વધુ સહાય કરી શકીશું." વ્યાવહારિક જગતનાં નીતિમય ધોરણોનો વિસ્તાર કે તેનું વિરોધી ધ્રુવ તે આધ્યાત્મિક જગતનાં ધોરણો નથી. **Seek out the way**માં શ્રી રોહિત મહેતા જણાવે છે તે મુજબ, "નીતિમય ધોરણો સજ્ઞાત પ્રયત્નનાં સૂચક છે, જે નવી ટેવોને કેળવીને માળખામાં ફેરફાર લાવનાર છે, જ્યારે આધ્યાત્મિક અભિગમ માનવીમાં મૂળભૂત પરિવર્તન સર્જીને તેનાં કેન્દ્રમાંજ સમૂળી ક્રાંતિ પ્રગટાવનાર છે, જે જીવનની કોઈ નવીજ દિશાને સૂચવનાર છે." વ્યવહાર અને નીતિમય ધોરણો દ્વૈતભાવ અને જુદાઈનાં સૂચક છે, જ્યારે આધ્યાત્મિકતા અદ્વૈત અને ઐક્યનું સૂચક છે. તેથી આધ્યાત્મિક પુરુષ સામાન્ય નીતિમય ધોરણોની પરવા કર્યા સિવાય પોતાની પ્રજ્ઞા કે અનુભૂતિનો સૌને લાભ અર્પવા અને જગાડવા માટે સામાન્ય જનસમાજની મધ્યે રહેવું પસંદ કરે છે. તેની હાજરી માત્ર જ સૌને પોતાનાં કેન્દ્ર તરફ વાળવા માટે પૂરતી છે, આજ એની જળકમળવત્ કર્માધીનતા છે, અલિપ્તભાવે પોતાનું કર્તવ્ય નિભાવ્યે જાય છે, તેણે તો માત્ર આપવાનું છે, વહેંચવાનું છે, લેવાનું કશું રહ્યું નથી.

તેઓ સૌ સીગલ ટોળાનાં રહેઠાણ નજીક જઈ વસે છે. અહીં જોનાધન પોતાના શિષ્યો પરત્વે વધુ કડક બને છે અને દરેકમાં રહેલી વિશિષ્ટતાને સંપૂર્ણ બળપૂર્વક બહાર પ્રગટાવવાનો આદેશ આપે છે. દિવસના ઉડ્ડયન-અભ્યાસ પછી રાત્રે વિચિત્ર વિચારો અંગે જોનાધન સમજૂતી આપતો. રાત્રિના અંધકારમાં ઘણાં સીગલો તેની વાત સાંભળવા ભેગાં થતાં, પણ વહેલી પ્રભાતની તૈયારી અગાઉ તેઓ સૌ ત્યાંથી દૂર જઈ બેસતાં. જેને મુક્ત પંખેરૂ બનવું છે તેને શીખવા માટે કોઈ ચોક્કસ નક્કી કરેલો સમય નથી, પણ દરેક પળે ઉંઘતા-જાગતાં શીખવા માટે તત્પર રહેવાનું છે. એકાદ માસના ગાળા સુધી કોઈપણ સીગલ જાહેરમાં ઉડ્ડયન શીખવાની હિંમત કરી નહિ શક્યું. ત્યાર બાદ એક પછી એક આવતાં ગયાં. એક સીગલ જોનાધન પાસે આવીને તેની મદદ માગે છે, જે પોતાની પાંખ હલાવી શકતું નહતું, છતાં ઉડ્ડયન માટે તે અતિ ઉત્સાહી હતું. જોનાધન તેને માર્મિક રીતે જણાવે છે, "તારી સાચી જાતને પામવા તું મુક્ત છે. તારા માર્ગની વચમાં કશું જ નથી. આ ગલનો મહાન નિયમ છે." પેલું ફરી પૂછે છે, "મારાથી ઊડી શકાય ?" જોનાધન પ્રત્યુત્તર વાળે છે, "તું ઊડવા માટે મુક્ત છે." તે હવામાં ખુશીના પુકાર કરતું ઊડવા લાગે છે. આપણી સાચી ઓળખ પામવા શારીરિક કે બીજી કોઈપણ મર્યાદા ક્યારેય નડતરરૂપ થતી નથી. મર્યાદાઓ, ખામીઓ આપણે જ સર્જેલી છે, સાચી જાતને ઓળખવા ભીતરમાં ડૂબકી લગાવાની છે, જે માટે બાહ્ય અંતરાયો ક્યારેય અવરોધક નથી હોતાં. (ક્રમશઃ)

(મો. : ૯૮૯૮૫૧૨૧૪૬)

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**

# મહા સૌજન્ય


ડૉ. શ્રી ઋતુરાજ ડી. પંડ્યા

રેવા લોજ, વડોદરાના સંનિષ્ઠ સભ્ય ડૉ. શ્રી ઋતુરાજ દિનુભાઈ પંડ્યા તરફથી રૂા. ૫૦૦૦/- જ્યોતિ પ્રકાશન ફંડ માટે મહા સૌજન્ય સ્વરૂપે પ્રાપ્ત થયા છે. શ્રી ઋતુરાજભાઈ 'થિયોસોફિક જ્યોતિ' માટે અવારનવાર લેખો લખે છે. તદ્ઉપરાંત રેવા લોજની ઈ-મીટીંગમાં પણ પોતાના ''અધ્યાત્મ અને સ્વાસ્થ્ય'' સંબંધી વિષય પર પ્રવચન આપે છે. ગવર્મેન્ટ આયુર્વેદિક હોસ્પિટલ, વડોદરામાં મેડિકલ ઓફિસરની દીર્ઘ કારકિર્દી ધરાવે છે. રેવા લોજની કારોબારીના સભ્ય તરીકે લોજને પોતાની વિશેષ સેવાઓ પણ આપે છે.

''થિયોસોફિક જ્યોતિ'' સર્વે સભ્યો તરફથી તેમને અભિનંદન પાઠવે છે.

---

**'અડ્યાર ડે'નો ફાળો :** સનાતન લોજ સુરતના પ્રમુખશ્રી ઉદય પાકાવાલા જણાવે છે કે લોજના સભ્યોએ અડ્યાર દિન નિમિત્તે રૂા. ૨૦૦૦/- નો ફાળો એકત્રિત કરી અડ્યાર, આંતરરાષ્ટ્રીય થિયો. સોસાયટીને મોકલી આપેલ છે.

---

(ધી હિડન સાઈડ..... પાના-૦૯ ઉપરથી ચાલુ)

તેમ પણ તે જાણતો હતો. તેને પુનર્જન્મ વિશે જ્ઞાન નહોતું. કેમ કે તેણે તેના વિષે ક્યારેય પણ સાંભળ્યું નહોતું. તે માત્ર એટલું જાણતો હતો કે તે પાર્થિવ જગતમાંથી એસ્ટ્રલ જગતમાં આવ્યો હતો, તેથી ત્યાંથી પાર્થિવ જગતમાં પાછા જવાનો માર્ગ પણ જરૂરથી હોવો જોઈએ. તેનું ધ્યાન હંમેશા આ બાબત તરફ જ રહેતું અને તેને જ્યારે જાણ થઈ કે ખેડૂતને એવું માધ્યમ મળી ગયું છે કે જેનાં દ્વારા તે અમુક અંશે પાર્થિવ જગતનાં સંપર્કમાં આવી શકે છે. તેણે શક્ય હોય તેટલો તેમનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. આ તેનાં ઉદ્દેશ તરફનું પહેલું પગલું હતું. તે ''સ્વર્ગની પરિષદ''માં એલિજાહનાં વિચારરૂપમાં પ્રવેશી જાય છે. આવી રીતે તે પરિષદ સમક્ષ પોતાને રજૂ કરે છે.

તો આવી રીતે આપણી સમક્ષ સ્વર્ગની પરિષદ આવે છે કે જેનાં અસરકારક સભ્યો ફક્ત મૃત વ્યક્તિઓ જ હતાં. આ દરેક જણ એમ વિચારતો હતો કે તે પોતાનો ધ્યેય સિદ્ધ કરવા માટે બીજાનો ઉપયોગ કરી રહ્યો હતો. છતાંય તેમનો કોઈ પણ ઉદ્દેશ કે ધ્યેય સ્વાર્થી નહોતો. આ દરેક મૃત વ્યક્તિ ધાર્મિક, સારા આશયવાળી અને પ્રામાણિક હતી. માત્ર એસ્ટ્રલ જગતમાં જ આવી અસાધારણ ઘટના શક્ય બની શકે. તેમ છતાંય સૌથી આશ્ચર્યજનક અને ચોક્કસ તથ્ય હજી કહેવાનું બાકી છે.

(ક્રમશઃ...)

(મો. : ૯૮૯૮૦૯૪૨૫૧૫)

# ભારતીય ટપાલ વિભાગ
## (ભારત સરકાર)

### સુકન્યા સમૃદ્ધિ યોજના (SSA)

વ્યાજ દર 7.6%*

- આકર્ષક અને મહત્તમ વ્યાજ.
- દર વર્ષે ઓછા માં ઓછા 250/- અને વધુ માં વધુ 150000/- ભરી શકાય.
- ભરેલ નાણાં પર 80C નો લાભ.
- ખાતું ખોલાવ્યા થી 14 વર્ષ સુધી નાણાં ભરવાના રહેશે.

### પબ્લિક પ્રોવિડંડ ફંડ (PPF)

વ્યાજ દર 7.1%*

- દર વર્ષે ઓછા માં ઓછા 500/- અને વધુ માં વધુ 150000/- ભરી શકાય.
- લોન ની સુવિધા ઉપલબ્ધ.
- ઉપાડ કરવાની ની સુવિધા ઉપલબ્ધ.
- ભરેલા નાણાં પર 80C નો લાભ તેમજ વ્યાજ સંપૂર્ણ કર મુક્ત.

### સિનિયર સીટીઝન(SCSS)-5વર્ષ

વ્યાજ દર 7.4%*

- આકર્ષક અને મહત્તમ વ્યાજ.
- લઘુત્તમ 1000/- અને મહત્તમ 1500000/- રોકાણ.
- માસિક વ્યાજ સીધું બચત ખાતા માં જમા કરવાની સુવિધા.

### અટલ પેન્શન યોજના

- પોસ્ટ ઓફિસ બચત ખાતા ધારક જેમની ઉમર 18 થી 40 વર્ષ છે.
- રૂ. 42 થી રૂ. 1454 સુધી યોગદાન કરવાથી રૂ.1000 થી રૂ. 5000 સુધી આજીવન પેન્શન નો લાભ.

### પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના

- દર વર્ષે રૂ.12ની ચુકવણી પર 2 લાખ રૂપિયા નો અકસ્માત વીમો.
- 18 થી 70 વર્ષ ની વ્યક્તિ ને લાભ.
- બચત ખાતામાથી સીધા 12 રૂ. કપાવવાની સુવિધા.

### પ્રધાન મંત્રી જીવન જ્યોતિ યોજના

- દર વર્ષેરૂ.330ની ચુકવણી પર 2 લાખ નો જીવન વીમો.
- 18 થી 50 વર્ષ ની વ્યક્તિ ને લાભ.
- બચત ખાતા માથી સીધું રૂ. 330 નું પ્રીમિયમ ભરવાની સુવિધા.

### હવે ઘરે બેઠા ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બૅંક ની મોબાઈલ એપ દ્વારા

- રિકરિંગ ડિપોઝિટ ના હપ્તા ની ચુકવણી
- સુકન્યા સમૃદ્ધિ યોજના ના લવાજમ ની ભરપાઈ.
- PPF યોજના ના લવાજમ ની ભરપાઈ.
- પોસ્ટ ઓફિસ બચત બૅંક ખાતા માં થી જમા તેમજ ઉપાડ ની સુવિધા.

India Post Payments Bank

*વ્યાજ દર ભારત સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતી શરતોને આધીન.

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.

**Printed Matter Periodicals** **THEOSOPHIC JYOTI** **March–2022**

To :

If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH
9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.

## આપણો પુસ્તક પ્રેમ...

# ગીતાની યોગસાધના

મૂળ લેખક : સ્વ. રોહિત મહેતા ● અનુવાદક : સ્વ. ઈન્દુમતી મહેતા




શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપરના ભાષ્ય **Form Mind to Supermind**નો અનુવાદ છે. કુલ ૧૮ પ્રકરણોમાં શ્રી રોહિતભાઈએ ગીતાનાં સંદેશને વર્તમાનયુગનાં પ્રશ્નો સાથે સાકળીને, મનની આંટીઘૂંટીમાંથી અધિમનસની સંપૂર્ણ અને અબાધિત સ્વતંત્રતાનો માર્ગ ચીંધે છે.

૨૦૦૭માં રોહિત લોજે 'રોહિત મહેતા ફંડ'નાં વ્યાજની રકમમાંથી તથા મુ. સ્વ. પ્રફુલ્લભાઈ પટેલના વિશેષ આર્થિક સહયોગથી, તત્કાલિન લોજ પ્રમુખશ્રી હર્ષવદન શેઠ, લોજ કારોબારી સભ્ય મુ. શીવલાલ મોદી તથા અન્ય અતિ સક્રિય સભ્યોના સહયોગથી આ વિશેષ પુસ્તકનું પ્રકાશન ગુજ. થિયો. ફેડ. દ્વારા સફળ થયું. ગૂર્જર એજન્સીનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો. કુલ ૨૩૨ પાનાનાં સુંદર છાપકામવાળા આ પુસ્તકની કિંમત રૂા. ૧૦૦ છે પણ રોહિત લોજ દ્વારા તે રૂા. ૫૦ + પોસ્ટેજ ચાર્જ સાથે ઉપલબ્ધ છે. વ્યક્તિગત રીતે તથા લોજ માટે આ પુસ્તક વસાવવું અને વાંચવુ અનોખા અભ્યાસનો અનુભવ કરાવે છે.

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH